કરમશીભાઈ મકવાણા

# વગડાનું ભાઈઓ હું તો ફૂલડું – ૧



'ઝાડનાં પારખાં ફળ પરથી' શ્રેણી : ૬

લોકભારતી પ્રકાશન – સણોસરા

ઝાડનાં પારખાં ફળ પરથી – ૬

# વગડાનું હું તો ભાઈયું ફૂલડું – ૧

કરમશીભાઈ મકવાણા

લોકભારતી પ્રકાશન

સણોસરા – ૩૬૪ ૨૩૦

તાલુકા : શિહોર (જિ. ભાવનગર)

ગુજરાત, ભારત.

--------

પ્રકાશક :

નિયામકશ્રી, લોકભારતી, સણોસરા.

--------

આવૃત્તિ પહેલી : માર્ચ ૧૯૮૩

--------

ઇ-બુક આવૃત્તિ : ૨૦૧૬

સંકલન : જુગલકિશોર

૧૨, સત્યનારાયણ સોસાયટી – ૧, અમદાવાદ – ૫૧.

ફોન : ૯૪૨૮૮૦૨૪૮૨

## અનુક્રમ

ઉપહાર ..... 4

લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર! ..... 5

પાંચાળની કોળી કોમ વચ્ચે ગરવાં મા-બાપનું સંતાન ..... 7

અથાક મહેનત વચ્ચે અક્ષરજ્ઞાનનાં મંડાણ ..... 8

આખરે આંબલા લોકશાળામાં ! ..... 10

આદરણીય નાનાભાઈ અને આત્મીય ગુરુજનો ..... 13

વિદ્યાપીઠના અભ્યાસ બાદ ઋણમુક્તિ માટે ધજાળામાં ..... 15


ધજાળાના ચોરાથી શરૂ થયેલી સંસ્કારયાત્રાનો નકશો ..... 17

સરપંચ પદે કેળવણી અને બીજાં કાર્યો આરંભ્યાં ..... 18

જાસાચિઠ્ઠીઓ વચ્ચે ગરાસદારી નાબુદીનાં કાર્યો ..... 24

શ્રી કરમશીભાઈ મકવાણા ..... 25

## ઉપહાર



રસોઈની પરીક્ષા ખાઈને થાય છે, તેના આકાર-પ્રકારથી નહીં. તેવી જ રીતે શિક્ષણસંસ્થાઓની કસોટી તેના વિદ્યાર્થીઓએ બહાર ગયા પછી કેટલો અને કેવી રીતે સંસારનાં અંધારાં-અજવાળાંમાં રસ્તો કાઢયો તે છે.

નાનાભાઈના સોમા જન્મદિવસના નિમિત્તે જે વિવિધ કામગીરી થઈ, તેમાંની આ એક કામગીરી છે. ગ્રામદક્ષિણામૂર્તિ અને લોકભારતીના ગ્રામપ્રદેશ અને પછાત સમાજની પુનર્રચના સાથે સંકળાયેલાં કેટલાંક ભાઈઓ–બહેનોની આ અનુભવકથાઓ છે. આમાંનાં કેટલાંક ખેતી, સહકાર, પંચાયત, શિક્ષણ, ગોપાલન સાથે સંકળાયેલાં છે, સરકારી અમલદારો છે, ધારાસભ્યો છે, જેલ સુપરિન્ટેન્ડેન્ટ પણ છે.

વાચકો આ વિવિધ ક્ષેત્રોમાં કામ કરી રહેલાંના ઓછી કે વધુ સુઘડતાવાળા અહેવાલોમાં **सूत्रे मणिगणा इव** એમણે લીધેલ શિક્ષણનો દોર જોઈ શકશે. પૂર્વ અને દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં, કચ્છ કે ઝાલાવાડમાં શિક્ષણ કે ગ્રામવિકાસકાર્યમાં પરોવાયેલાના આવા બીજા ડઝનબંધ અહેવાલો પ્રાપ્ત થઈ શકે. પણ હાલ તો આટલો ઉપહાર જ ગુજરાત પાસે ધરીએ છીએ.તેમાં અમારા સામર્થ્યની કોઈ વશેકાઈ નથી; પણ જે મહાત્માએ આ ગુજરાતમાં ખૂણે ખૂણે તેજ પાથર્યાં તેમના તપનો એ પ્રભાવ છે.

સદ્ ગ્રંથોના માધ્યમથી સદગુણો ખીલવવા અને જનસેવાનાં કાર્યો કરનારાઓને પ્રેરક બની રહે તેવું સાહિત્ય પ્રકાશિત કરાવનાર સામાજિક અને સહકાર ક્ષેત્રના અગ્રણી શ્રી વિઠ્ઠલભાઈ અમીને શ્રી વિ.પી. અમીન ફાઉન્ડેશન તરફથી આ કાર્ય માટે આર્થિક સહયોગ આપ્યો છે. એ માટે તેમનો આભાર.

– **મનુભાઈ પંચોળી** (લોકભારતી-સણોસરા તા.૧૬-૩-૮૩)

## લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર !



લોકભારતી એ કોઈ સ્થૂળ વસ્તુ નથી. લોકભારતી તો એક વિચાર છે. આ સંસ્થા લોકાભિમુખ–ગ્રામાભિમુખ કેળવણી–જગતનું સત્ય છે. અને એટલે જ એના સ્થાપક ઋષિવર્ય નાનાભાઈ કહેતા કે, "લોકભારતીના વિચારો જે સમજે અને જીવનમાં આચરે તેની છે આ લોકભારતી." ગાંધીજીએ પોતાના જીવનમાં પોતાના ઉપર કરેલા પ્રયોગોમાંથી જે પ્રયોગો સફળ રહ્યા તેને સામાજિક સ્વરૂપ આપ્યું તેમ નાનાભાઈએ તેમની ત્રણે સંસ્થાઓમાં કરેલા શિક્ષણ–પ્રયોગોને પોતાના અભ્યાસ અને અનુભવથી ઘડીઘડીને જે પ્રયોગો સફળ થયા તેને સમાજ સમક્ષ તેના વ્યાપક અમલ માટે મૂક્યા. સ્વાભાવિક રીતે જ તેના વાહકો આ ત્રણે સંસ્થાના ઉત્સાહી અને સમર્પિત એવા વિદ્યાર્થીઓ રહ્યા છે.

નઈતાલીમનું, લોકભારતીત્વનું વિશ્વબજારમાં આજે માર્કેટિંગ થવું અનિવાર્ય છે. કારણ કે વિકાસ નામની ઉધઈ આપણી પ્રકૃતિ અને સંસ્કૃતિને સાવ ખોખલી કરી મૂકે તે પહેલાં જાગી જવું બહુ જરૂરી છે. આના જ સંદર્ભે, લોકભારતીના કેટલાક વિશેષ સફળ થયેલા વિદ્યાર્થીઓનાં કાર્યો–અનુભવોની નોંધ "ઝાડનાં પારખાં ફળ પરથી" એ શીર્ષકથી લોકભારતીએ પ્રગટ કરેલી ૨૬ પુસ્તિકાઓમાં રજૂ થઈ છે, જેણે સમાજને જીવનલક્ષી શિક્ષણના ઉત્તમ દસ્તાવેજો પૂરા પાડ્યા છે. નઈતાલીમનો સંસ્કારાયેલો વિદ્યાર્થી શું શું કરી શકે છે તેની નક્કર વાતો તેમાં રજૂ થઈ છે. તેમાં બહુ સહજ રીતે લોકભારતીત્વ ઉજાગર થયું છે.

છપાઈને હજારો વાચકો સુધી પહોંચેલા આ બહુ મૂલ્યવાન અનુભવોને આધુનિક સમયમાં ઉપલબ્ધ એવી ઇન્ટરનેટ સુવિધાઓનો લાભ આપીને વિશ્વભરમાં પહોંચાડવાની વાત, લોકભારતી દ્વારા સન્માનિત અમારા પૂર્વ વિદ્યાર્થી અને 'કોડિયું'ના સહતંત્રી **શ્રી જુગલકિશોરભાઈ** દ્વારા રજૂ થઈ, એટલું જ નહીં પણ એ બધી જ પુસ્તિકાઓનું પ્રૂફરીડિંગકાર્ય સંભાળી લીધું ત્યારે સહજ રીતે જ એ વિચારને ઉત્સાહભેર વધાવી લેવામાં આવ્યો.

ઇન્ટરનેટ પર ઈ–બુકરૂપે હજારો પુસ્તકો પ્રગટ થવા લાગ્યાં છે ત્યારે એ ટેકનોલૉજીને આ સફળ થયેલાં કાર્યો માટે પણ પ્રયોજવાનું નક્કી કરવામાં આવ્યું. આના માટેના જરૂરી ભંડોળ સારુ ઇન્ટરનેટ પર એક નાનકડી અપીલ કરી તો તરત જ જે પ્રોત્સાહક પ્રવાહ વહ્યો તેમાં જરૂરી બજેટ કરતાં પણ વધુ મદદ હતી ! સર્વશ્રી ગોપાલભાઈ પારેખ (નવસારી), ચિરાગ પટેલ (યુએસએ), અશોક મોઢવાડિયા (જૂનાગઢ) તથા રમેશ પટેલ (કેલિફોર્નિયા)ના તત્કાલીન પ્રતિભાવોએ અમને પ્રોત્સાહિત કર્યા.

આમાંના ***શ્રી રમેશભાઈ પટેલ –'આકાશદીપ'***ની મદદથી (કન્યા કેળવણીના આગ્રહી, તેમનાં સ્વ. માતુશ્રી **કાશીબહેન ઝ. પટેલ તથા સાહિત્યપ્રેમી પત્ની શ્રીમતી સવિતાબહેનના સૌજન્યે) તથા *શ્રી ચિરાગભાઈ પટેલ*ની મદદથી** આ બધી પુસ્તિકાઓનું પ્રકાશન થશે. આ સૌ સહયોગીઓના આપણે ખૂબ આભારી છીએ.

આવનારા સમયમાં શિક્ષણજગતને મૂલ્યવાન દિશા પ્રાપ્ત કરાવનારાં આ પ્રકાશનોને વૈશ્વિક ગુજરાતી વાચકો સુધી નઈતાલીમના આ નીવડેલા નક્કર અને ચમત્કારિક અનુભવો પહોંચાડવાનું અમારું કાર્ય સાર્થક થશે તેવી આશા સાથે –

**– અરુણભાઈ દવે. (મૅનેજિંગ ટ્રસ્ટી, લોકભારતી સણોસરા.)**

## પાંચાળની કોળી કોમ વચ્ચે ગરવાં મા-બાપનું સંતાન

હું આમ તો એક વગડાઉ ફૂલ છું. પંચાળની કંટકવરણી ભોમકામાં મારો જન્મ થયો છે. નાનકડા નેસડા જેવું અડળા ગામ મારી જનમભોમકા. ધજાળા સાથેની લાગણીની લેણ-દેણ તો હજી હમણાં જ શરૂ થઈ. એ પહેલાં તો "ખડ , પાણી ને ખાખરા, ધરતી લાંપડિયાળ, વાળુ કરે એ પડ જુઓ પાંચાળ"ની એ વેરાન ધરતીમાં જ આળોટી-આથડી મોટો થયો છું. સંકટો જેને કોઠે પડી ગયાં છે એવાં અનેકો વચ્ચે જીવતરનાં ગુલાબી દિવસો ગુજાર્યા છે. ગામની એ આછી-પાતળી જમીન પર મેં ઢોર ચાર્યાં છે, અવાવરુ ડુંગરગાળા અને નદી-નાળાંનાં મીઠાં સંભારણાં ખોઈ વાળીને ભેગાં કર્યાં છે. આછી જમીનને ખેડી-ખૂંદી વરસ પણ પહોંચે નહીં તેટલા દાણા મેળવવા મથામણ કરી છે. અંધારી રાતે જીવજંતુનો ડર રાખ્યા વિના પાણી વાળ્યું છે. છાણ-વાસીદાં કર્યાં છે. દુષ્કાળના દિવસોમાં ગામ છોડી શહેરની ગલીઓમાં લારીઓ ખેંચી છે, સ્ટેશન પર મજૂર બની મજૂરી કરી છે. શેરીએ શેરીએ માથે બોઘરણું મૂકી દૂધ વેચ્યું છે. સસ્તા અનાજનું સડેલું-બગડેલું અનાજ ખાઈ નોકરી કરી છે. જિનપ્રેસની કાળજાતૂટ મજૂરીએ સખત પરિશ્રમની દીક્ષા આપી છે. આમ પાંખી વસ્તીવાળા નિર્જન નેસડાથી માંડીને સગવડ ભરેલા શહેર સુધીના અનેક અનુભવોએ મારું ઘડતર કર્યું છે.

પાંચાળની કોળી કોમનું ઓઢણું ઓછું. એવા એક કબીલામાં મારો ઉછેર થયો છે . અમારા પૂર્વજો ચોર હતા, રંજાડી હતા, માંસાહારી હતા. મેં પણ નાનપણમાં માંસાહાર કરેલો, બીડી પીધેલી, મારામારી કરેલી. તેરચૌદ વરસની ઉંમર સુધી મને દાતણ કરવાનું પણ ભાન નહોતું. પણ દુષ્કાળના ધક્કાએ , શહેરના સહવાસે અને પિતાની અધૂરી રહેલી અબળખાએ મને એકડા-બગડા ઘૂંટતો કર્યો.

મારાં મા-બાપ ગરવા સ્વભાવનાં હતાં. મા તો મારા મનનું એક સ્વપ્નું બની ગઈ છે. પડછંદ ખમીરવંતી દેહયષ્ટી, ઘઉં વરણો વાત્સલ્યસભર ચહેરો , જમીન પર છબ્યાં ન છબ્યાં પગલાં માંડતી ઉતાવળી ચાલ , અમારા સુખ માટે દુઃખ વેઠતી એ અમ્માના હૈયામાંથી ગજવેલના રણકા સમો આત્મવિશ્વાસનો રણકો જ નીકળતો. કોઈ દિવસ એના મોંમાંથી હીણું વેણ નીકળ્યું નથી. હરપળે દોડી દોડી કામ કરતી મા જ મારી આંખ સામે તરે છે. મારી મા, એ સાચે જ મારી મા હતી.

પિતા ઋજુ સ્વભાવના હતા પણ અડીખમ પુરુષાર્થનું જીવંત પ્રતીક હતા. અનેકવિધ આવડત એમનાં આંગળાંમાંથી નીતરતી. ખેતી તો અમારો જન્મજાત ધંધો હતો ; પણ જિન-પ્રેસનાં કામો, દોરડાં ભાંગવાના-ગૂંથવાના ઉદ્યોગો, ચણતરકામ, પશુપાલન, સામાન ઊંચકવો-ગોઠવવો વગેરે કામોમાં તેમની આગવી હથરોટી. આ કારણે જ અમે આછું-પાતળું કામ મેળવી જિંદગીના વસમા દિવસો આસાનીથી વિતાવી શકતા.

## અથાક મહેનત વચ્ચે અક્ષરજ્ઞાનનાં મંડાણ

અમારા દાદાએ પિતાજીને ધાંધલપુર ભણવા મોકલેલા , પણ જિંદગીના લેખાજોખામાં એ અધૂરું જ રહ્યું. પણ તેઓના મનની અતૃપ્ત ઝંખનાએ અમારા અભ્યાસ માટે ચિંતા સેવી. મારા બે ભાઈઓ દુકાળ ઊતરવા જોરાવરનગર ગયા ત્યારે શાળાએ બેસારી એમનાં અધૂરાં અરમાન પૂરાં કર્યાં. હું તો પિતા સાથે કુટુંબના નિર્વાહની જવાબદારીમાં જોડાયો હતો. પિતાજીને માસિક રૂપિયા આઠ અને મને રૂપિયા બેનો પગાર મળતો. દસ રૂપિયામાં અમારું જીવન સુખેથી વીતતું. એ જમાનો સોંઘવારીનો હતો. પંજાબનો બોર જેવો બાજરો ત્યારે બે રૂપિયે મણ મળતો. અમારાં મા-બાપ બંને માયાળુ અને સંતોષી સ્વભાવનાં હતાં. પ્રામાણિકતા ને પુરુષાર્થ એનાં જીવતરની મહત્ત્વની મૂડી હતાં. અમને વારસામાં આ જ મળ્યું છે. બીજી સ્થૂળ મિલકત તો ૧૯૩૯ના ભીષણ દુષ્કાળના ખપ્પરમાં ખરચાઈ ચૂકી હતી. ખેતી એમ જ ગઈ, બળદ પાણીના મૂલે વેચ્યા, ગાયો મહાજનમાં મૂકી અને પોટલામાં ઉપાડી શકાય તેટલી માયા-મૂડી સાથે મધરાતના બે વાગ્યે ઠંડીથી ધ્રૂજતા ઉઘાડા પગે ચાર ગાઉનો પંથ કાપી સુદામડા જવા રવાના થયાં. ત્યાંથી જોરાવરનગર ગયાં. જિંદગીમાં શહેરનું દર્શન પહેલવહેલાં કર્યું અને ત્યાંથી જ જીવનને નવો માર્ગ મળ્યો; નવી દિશા સાંપડી.

જીવનના આ નવા વળાંકે એક દિવસ હું મજૂરીની શોધમાં ખાદીભંડારના બારણે આવી ઊભો. ખાદીભંડારનું સંચાલન કરતા શ્રી કાંતિભાઈ શાહ એક ઉમદા પરગજુ માણસ હતા. સાદા અને સ્વચ્છ ખાદીનાં કપડાંમાં શોભતા એ સજ્જનની સાદાઈ અને સચ્ચાઈ મનને સ્પર્શી જાય તેવી હતી. ખાદીભંડારમાં તેમની સાથે કામ કરતાં કરતાં તેઓએ મારા શિક્ષણની ચિંતા કરી. મને અનુકૂળતાએ સમય કાઢી ભણાવવાનું શરૂ કર્યું. તેમની અથાક મહેનત છતાં મારી અક્ષરજ્ઞાનની પ્રગતિ સંતોષજનક ન બની; કારણ આગલા દિવસે શીખવેલ બીજે દિવસે ભુલાઈ જતું. મારામાં સાચું કહું તો સ્મરણશક્તિ કરતાં વિસ્મરણશક્તિ વધારે હતી. છેવટે તેઓએ મને આગળ વધવાનું પ્રોત્સાહન આપ્યું. મારામાં મરતા વાંકે જીવતા આત્મવિશ્વાસને બેઠો કર્યો. રોજનું પેટિયું રળવાની ઉપાધિમાં આથડતાને આત્મા કે પરમાત્મામાં વિશ્વાસ કયાંથી હોય ! ભિક્ષુજી પાસેથી મને આ ભાથું મળ્યું. અને મને અક્ષરજ્ઞાનના અજવાળે નવી દુનિયાનાં દર્શન થયાં. બે ચોપડી જેટલું હું એમની પાસેથી મહામહેનતે પામ્યો.

એ અરસામાં મને એક એવા સજ્જનનો સથવારો મળ્યો કે જેણે મને દ્વિજત્વ અપાવવામાં બહુ મદદ કરી. એમનું નામ છે મુરબ્બી શ્રી ભગવાનભાઈ પંડ્યા. હમણાં જ એ બુઝર્ગને મળવાનું થયું. હૃદયથી નમસ્કાર કરી પાવન થયો. આ ઉંમરે પણ તેઓ અતૂટ ગાંધીભક્તિની રટણા જ કરે છે. વર્ષો પહેલાંના તેમની સાથેના સહવાસનાં સંસ્મરણોમાં સ્નાન કરી પરિશુદ્ધ થયા જેટલો આનંદ મળ્યો હતો.

મુ. શ્રી ભગવાનભાઈના આગ્રહથી હું બહુ મોટી ઉંમરે હરિજન સેવક સંઘ સંચાલિત હરિજનશાળામાં સંકોચ સાથે દાખલ થયો. ત્રીજું અને ચોથું ધોરણ હું ત્યાં ભણ્યો , પણ અવારનવાર રાતના તેઓશ્રી સાથે આશ્રમમાં રહેતો. તેમની વાતોમાં રસ પડતો. મારી મોટી ઉંમર ને શરમાળ પ્રકૃત્તિ જોઈ તેઓએ મને આગળ અભ્યાસ માટે બે સંસ્થાનાં નામ આપ્યાં. તેમાં એક હતી વેડછી સંસ્થા અને બીજી હતી ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા સંસ્થા. વેડછીમાં ખાદીકામ દ્વારા શિક્ષણ આપવામાં આવતું અને આંબલામાં ખેતી મારફત કેળવણીનું કામ ચાલતું. ખાદીભંડારના અનુભવે ખાદી કરતાં ખેતીમાં જવાનું મને વધારે ગમ્યું. અને ૧૯૪૩ના જૂનની ત્રીજી તારીખે મુ. શ્રી ભગવાનજીભાઈના સથવારે નાનકડો બિસ્ત્રો ઉપાડી હું વઢવાણ સ્ટેશને આવ્યો.

મને હજીયે એ દૃશ્ય આંખ સામે તરવરે છે. મારાં માતા-પિતા અમને વળાવવા આવ્યાં હતાં. પિતાજીના ચહેરા પર પુત્રવિયોગની વિહ્વળતા એટલી નહોતી ઊપસતી જેટલી માની આંખોમાંથી ઝરતાં બોર બોર જેવડાં બિન્દુઓમાં ટપકતી હતી. થોડી થોડી વારે ડૂસકાંને દબાવતી , મસ્તકને પંપાળતી બોલતી હતી : "દીકરા કરમશી ! તું અહીં રહી જેટલું ભણાય તેટલું ભણ પણ આપણે બહારગામ નથી જવું." માના આ શબ્દોમાં પુત્રવિયોગની વેદના હતી તે તો પાછળથી ખબર પડી

ગાડી આવી, ગાડીમાં બેસવાનો જીવતરનો આ પહેલો અનુભવ. થર્ડ ક્લાસના ડબ્બામાં સામાન ગોઠવાયો, પિતાએ હિંમત આપી શિખામણના બે શબ્દો કહ્યા. એ ઘડી જ એવી હતી કે જ્યારે શબ્દો પણ એ વખતની પળોને પ્રગટ કરવામાં ટૂંકા પડતા હતા , ટાંચા જણાતા હતા. ખરી રીતે તો એ વખતે શબ્દોની જરૂર જ નહોતી. મા સાડલાના છેડાને દાંત વચ્ચે દાબી ડૂસકાં દબાવી આખરી વિદાય આપતી હતી; દીકરાને ઊજળા ભવિષ્યની આશિષ આપતો માનો હાથ ગાડીએ વળાંક લીધો ત્યાં સુધી હું જોઈ રહ્યો. મને ત્યારે ખબર નહોતી કે માની આ આખરી વિદાય છે. અમારું એ છેવટનું મિલન હતું. માને ગરીબાઈ ગળી ગઈ. માની એ મધુર સ્મૃતિઓએ મને આજ સુધી મારા જીવતરમાં કામોમાં બળ પૂર્યું છે.

માની ખોટે ચિત્ત આક્રંદ કરી ઊઠ્યું. પણ એ વખતે આશ્વાસન આપતી અને માની મમતા અને હૂંફ પૂરી પાડતી એક આધારશિલા મળી. જેણે મને દ્વિજત્વ આપ્યું , માટીમાંથી માનવ સર્જ્યો , ઈંધણાંને સમિધનું સ્વરૂપ આપ્યું, એ હતી અમારી વ્હાલી ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા ; જેની હવાએ મારામાં નવી ચેતના ફૂંકી, જેના વાતાવરણે અંદરની શક્તિઓને મોકળે મને વહેવાની ગતી આપી , જ્યાં માનવીની બુલંદીને આંબવાના કોડ જાગ્યા, જ્યાંથી જીવનના અનેક ઝંઝાવાતો વચ્ચે ટકી રહેવાની શક્તિ સાંપડી. આ સરજત કેવી રીતે થઈ, એ પણ એક લીલા છે ! અહીં તો એટલું જ કે-

**ગુરૂ કુંભાર શિષ્ય કુંભ હૈ, ગઢ ગઢ કાઢે ખોટ;**
**અંતરસે સહારા દિયે, બાહરસે લગાયે ચોટ.**

## આખરે આંબલા લોકશાળામાં !

આ ચોટનો ઘા માની ટપલી સમાન હતો. એનો કોઈ ઘા તો શું , ઉઝરડો પણ જોવા-જાણવા મળતો નથી ! આ અનુભવો તો જેણે જાણ્યા હોય તે જ જાણે ! ગુજરાતના મહાકવિ પ્રેમાનંદ જેવો કોઈ મહાકવિ "પછી સુદામોજી બોલિયા, તને સાંભરે રે , હા જી, બાળપણાની પેર મને કેમ વિસરે રે !" જેવાં મધુર સંભારણાંને સંવાદમાં ઉતારી રજૂ કરે તો જ માણી શકાય ! આજે તો વરસો થયાં એ વાતને, છતાં જ્યારે જ્યારે અમે એ વખતના સહાધ્યાયી મિત્રો મળીએ છીએ ત્યારે એ વખતનાં મધુર સંભારણાંનું પારાયણ જ અમારા તન-મનનો થાક ઉતારે છે, અને નોળવેલ સૂંઘ્યા જેટલો સધિયારો આપે છે. આવી આ અભિનવ સંસ્થાના આંગણે આવી અમારી ઘોડાગાડી ઊભી રહી. હું ને મુરબ્બી શ્રી ભગવાનજીભાઈ નીચે ઊતર્યા.

વાડીની વચ્ચે પાંચ-સાત માટીનાં બેઠા ઘાટનાં લીંપેલ નાનકડાં મકાન હતાં. નળિયાની જગ્યાએ સિમેન્ટનાં ખાળિયાવાળાં પતરાં જડ્યાં હતાં, વચ્ચે મજાનો વિશાળ ચોક હતો, ફૂલછોડ અને વેલોથી એને શણગાર્યો હતો, નાનકડી નદી વળાંકો સર્જતી વહેતી હતી , નદીકાંઠા પરનાં આંબાવાડિયાં લોકશાળાની શોભામાં વૃદ્ધિ કરતાં હતાં , સાંજ ઢળવા આવી હતી , ખૂણાની ગોશાળામાંથી ગાયોના હીંહોરા ને વાછરું ભાંભરવાના અવાજો આવતા હતા, સાંધ્યરંગોની રમણા આંબાવાડિયા પર રેલાઈને સમગ્ર વાતાવરણને રંગમાં ઝબકોળી રહી હતી. આવા રૂપકડા પરિવેશમાં પદાર્પણ કરતાં રખેને કંઈક વેર-વિખેર ન થઈ જાય તે રીતે એક બાજુ અમે ઊભા રહ્યા. અમને જોઈ ઊંચા પડથારવાળી ઓસરી પરથી પગથિયાં ઊતરવાની વાટ જોયા વિના ઠેકડા મારતા પાંચ-છ વિદ્યાર્થીઓ દોડી આવ્યા. ઘરના કુટુંબી હોય તેવી રીતે હસતા હસતા સામાન ઉપાડી તેઓ છાત્રાલયમાં લઈ ગયા. થોડી વારમાં સફેદ વસ્ત્રોમાં શોભતાં મમતામૂર્તિ વિજયાબહેન આવ્યાં. મુ. શ્રી ભગવાનજીભાઈ સાથે વાતો કરતાં કરતાં મારે માથે, વાંસે હાથ ફેરવતાં હળવેથી મારું નામ જાણી લીધું. એક ખાલી કબાટમાં મારો સામાન મૂકી અમે સૌ બહાર નીકળ્યાં, ત્યાં ગોશાળામાંથી ગાયો દોહીને આવતા પૂજ્ય મનુભાઈ મળ્યા. માથે મૂંડો , વિશાળ ભાલપ્રદેશ, બ્લ્યૂ એકતારી નાડીવાળી ઘૂંટણથી નીચે જતી ચડ્ડી અને પહોળી બાંયવાળો બરછટ ખાદીનો ટૂંકો ઝભ્ભો, કશુંક પામવા મથતી માંજરી આંખોમાં એક અપૂર્વ ઉજાસ જોવા મળ્યો. હસતા હસતા આવી વાંસો થાબડી પડખામાં લીધો. તે દિવસથી આજ સુધી એ પડખાની હૂંફે મલક આખા સામે બાથ ભીડી કંઈક નવાં કામ કર્યાં છે, અને કરી રહ્યાં છીએ.

અમારી આ લોકશાળા એક નવા જગતને , નવા માનવીને સર્જવાનું કામ કરતી હતી. એની હવામાં મુક્તિનો આહ્લાદ હતો, એના ઘડતરમાં આત્મીયતાની હૂંફ હતી, એની પ્રવૃત્તિઓમાં પરિવર્તનનું સંકલન હતું, એના અભ્યાસક્રમમાં આજ અને આવતી કાલને સાકાર કરતો આળેખ હતો . મારા જેવા

વગડામાં ભમી ભટકી આવનારાને ઘર આંગણાની પ્રવૃત્તિઓ જેવાં કામોમાં મઝા પડી. આંબા-ચીકુના ઊંડા ખાડા ખોદવામાં અમે શિક્ષકોને પાછળ રાખતા. ઘાસના બીડમાં રાત્રે ભટકવામાં રસ્તો ચીંધતા , હરણ કે રોઝથી પાકને બચાવવા રાતની ચોકીમાં અમે શિક્ષકોને "આમાં તમારું કામ નહીં" કહી પાછા મોકલતા. પણ, અમારા આ શિક્ષકોયે અમારાથી ગાંજ્યા જાય તેવા નહોતા ! ભલે પાછળ રહે , પડે આખડે કે હાથીની સૂંઢ જેવી રમતોમાં ઢીંકા પણ ખાય , છતાં અમારી સાથે માળાના દોરની જેમ પરોવાયેલા રહેતા, એ જ એમની કેળવણીની ખૂબી હતી. ઊંચા ડુંગર પરની છાવણીનો કબજો લેવા જ્યારે સામસામી ટુકડીઓ મેદાને પડતી ત્યારે ડુંગરાનાં ઝાડવાં પણ એ રમત જોવા થોડો વખત પવનમાં પણ સ્થિર થઈ જતાં ! સામસામા ડુંગરેથી વાંદરસેના દડમજલ કરતી ઊતરતી , ખીણમાં એક બીજાને આગળ વધતા અટકાવવાના પેંતરા થતા , એ બધામાંથી છટકી મનુભાઈ , ગુણવંતભાઈ જેવા પડતા, આખડતા, છોલાતા ડુંગરની ટોચે જઈ ઈડરિયો ગઢ જીતતા ત્યારે અમે મોંમાં આંગળાં નાખી જતાં. બે કાંઠે વહેતી નદીમાં ઝંપલાવી સામે પાર જતા અમે તેઓને ઊંચા શ્વાસે જોઈ રહેતા. જીવતરના પાઠો આમ રમતાં રમતાં ઘૂંટવાની સરળતા મળતાં અમારું ચિત્ત પ્રસન્નતાથી ઊભરાઈ ઊઠતું. અહીં અભ્યાસનો બોજો નહોતો , શિક્ષકોનો ભય નહોતો , નિયમોનાં જડબંધન નહોતાં , સમૂહજીવનને પોષક એવી સામાન્ય મર્યાદાઓ હતી, પણ એ કાંઈ લક્ષ્મણરેખા નહોતી. અહીં માણસ માટે નિયમ હતા, નિયમ માટે માણસ નહોતા. અને આ કારણે જ બધું ઘડિયાળના ટકોરે, સમયપત્રક મુજબ ચાલતું. નાસ્તા વખતે નાસ્તો, ઉદ્યોગ વખતે ઉદ્યોગ અને અભ્યાસ સમયે અભ્યાસ ચાલતો. અમારા કેટલાક મિત્રો આમાંની કેટલીક પ્રવૃત્તિમાં ગેરહાજર રહી પોતાની આગવી પ્રવૃત્તિમાં ગૂંથાઈ જતા. શિક્ષકો આવાઓની શોધમાં નીકળી કોઈકને ગોશાળાની ગમાણમાં વાછરું ને ગાજર ખવરાવતો ને ખાતો પકડી લાવતા કે કોઈને બિસ્રાના ઢગ વચ્ચે નિરાંતે ઊંઘતો જોઈ ધીરેથી ચાદર ઓઢાડી દેતા. કોઈ ઝાડ પર મેડો બાંધવાની મથામણ કરનારને જોઈતી ચીજ વસ્તુ અંબાવી પ્રેત્સાહન આપતા કે કોઈ ડુંગરમાં ગાયો ચારી પાછા ફરેલાના ખબર-અંતર પૂછી સ્વયં શિક્ષણનું સરવૈયું તપાસતા રહેતા.

અમારી આ બધી અવળચંડાઈ ક્યારે સબળાઈ બની બેઠી , એનું અમને પોતાને પણ આશ્ચર્ય થાય છે. અમારાં એ બધાં અડપલાં ને દોષો દૂર કરી ક્યારે તેમાંથી સંઘેડાઉતાર ઘાટ ઘડાયો તે મારા જેવા માટે આજ સુધી એક અકળ કોયડો રહ્યો છે. જીવનઘડતરની આ કારમી પ્રક્રિયાને ક્યા શબ્દોમાં અર્ધ્ય આપું ?

**અમે રે હતા રે ગુરૂજી, કડવી વેલે તૂંબડાં;**
**તમ થકી મીઠડાં કહેવાઈએ...**

નરપતસિંહ અને નરોત્તમની જોડી ગાયો ને વાછરું વચ્ચે જ વધારે સમય વિતાવતી. અભ્યાસની તો તેમને યાદ આપવી પડે. પણ એમનામાં પ્રગટેલી નીડરતા ને પશુપરખ આજે પણ પૂછવા ઠેકાણું ગણાય છે. બંનેએ એ ક્ષેત્રમાં નામના કાઢે તેવું કામ કર્યું છે. ત્રણ ત્રણ વરસની લમણાઝીંક પછી પણ જેમણે સ અને ચ વચ્ચે ના ભેદને સમાનોચ્ચાર કે લેખનમાં જરા પણ વારા-તારા વિનાના વ્યવહાર દ્વારા સાચવ્યો હતો, તેવા અભેદના યોગીઓ આજે જ્યારે જબ્બર મોટી સંસ્થાઓ વિકસાવી કુશળ વહીવટ ચલાવી ઊંચા ઉત્પાદન આંકને વટાવતા જોઉં છું ત્યારે વરસો પૂર્વેના એ ઘડતરકાળનાં મૂળતત્વોનું પગેરું શોધવા દૂર જવું પડતું નથી.

વજુ બ્રાહ્મણ કુટુંબમાં ઊછરેલો, પણ બ્રહ્મવિદ્યા કરતાં ભ્રમવિદ્યામાં એની સૂઝ-સમજ વધારે ! મળે ત્યારે બસ "બુટડી બળદ આજ એકામાં કેમ બેસી ગયો ને ભાયડે કેમ ઊભો કરી દોડાવ્યો , ઘોડાગાડી સોનગઢથી કેટલા ઓછા સમયમાં હું લાવ્યો અને આપણી ઘાણી જાન મહમદ ઘાંચીની ઘાણી કરતાં દોરાવા કેમ ચડિયાતી." તેની જ વાતો કરે . અમે કહીએ : "વજુ આ તારું બ્રાહ્મણનું ખોળિયું , ક્યારેક નાનાભાઈના સંસ્કૃતના બે-પાંચ શ્લોક તો પાકા કર."

વજુ કહે : "જુઓ, એ વાત આપણી પાસે નહીં. હું નાનાભાઈને ઘણી વાર સોનગઢ ઘોડાગાડીમાં લઈને મૂકવા જાવ છું. તેઓ પણ કોઈ દિવસ મને શ્લોપૂછતા નથી ને તમે શીદ મંડ્યા છો?"

આજે એ જ વજુ ઘોડાગાડીનો કોચમેન મટી બે કેરિયર-ટ્રક અને એક એમ્બેસેડર ગાડીનો માલિક બની રાજકોટ-ભાવનગરના ધોરી રસ્તા પર બંગલો બાંધી પોતાના સુખી કુટુંબ સાથે રહે છે. અકિંચન બ્રાહ્મણમાં આ બળ ક્યાંથી આવ્યું ? મેં પૂછ્યું તો કહે ? "સારા પરતાપ આ સંસ્થાના."

બીજાની વાતો શા માટે કરું ? મારી જ વાત જુઓને ! માંડ ચાર ગુજરાતી જેવું હરિજનશાળામાં ભણ્યો, પછી ચાર વરસના એ લોકશાળાના અભ્યાસમાં ભણ્યા કરતાં વિશેષ તો ગાયો ચારવામાં, રખોપું કરવામાં, વંડીઓ ચણવામાં , વાસીદું કરવામાં કે ખેતીનાં વિવિધ કામોમાં વધારે સમય મારી જેવાએ કાઢ્યો હશે; છતાં આજે ધારાસભામાં ત્રણ ત્રણ વાર સતત ચૂંટાઈ સમાજના અનેક સવાલો ને વિરોધો વચ્ચે ટકી રહી પદપ્રતિષ્ઠા ને પ્રેમનો યશભાગી બન્યો છું, તેમાં સંસ્થાનો ફાળો જ છે ને ?

લોકશાળામાં મારી જેવા જ વધારે હતા. એવાઓને ભણાવવા માટે તો નાનાભાઈએ દક્ષિણામૂર્તિ જેવી માતબર ને પ્રતિષ્ઠિત સંસ્થા છોડી હતી. લોકશાળામાં અણઘડને ઘાટ આપવાનું કામ થતું હતું. ત્યાં જીવતરની સરાણે પહેલ પાડવામાં આવતા. ત્યાં પથરાને 'તું હીરો છે ' તેનું દર્શન કરાવાતું , લોકને પ્રતિષ્ઠા અપાતી, વ્યક્તિની અંદરના હીરને, અંતરાત્માને જરા પણ હીણો બનાવ્યા વિના બહાર પ્રગટાવી કાર્યમાં પરિણત કરવાનું યજ્ઞકાર્ય ત્યાં થતું.

## આદરણીય નાનાભાઈ અને આત્મીય ગુરુજનો

આદરણીય નાનાભાઈની સાદાઈ, ચીવટ, વિનય, વ્યવહાર બધું જ ઊંચી સમજવાળું , ચિત્તમાં રમી જાય તેવું હતું. ત્રાંબાવરણી દૂબળી દેહાકૃતિ , ટૂંકી ઘૂંટણ સુધીની પોતડી , ટૂંકી બાંયનો નાનકડો ઝભ્ભો, માટે ભાગે તો ખુલ્લે શરીરે , ખભે બરાબર ગડી વાળેલો કપડાનો મોટો રૂમાલ , ટૂંકી પણ દૃઢ પગલાંની ચાલ , મોટા ગજાના નાનાભાઈની શોભા સમાન હતાં. આજેય હજી એમની વિશિષ્ટ પ્રવૃત્તિઓની યાદ, પરિજાતનાં ફૂલો જેવી મઘમઘે છે. ભોજન પહેલાં તેઓ છાત્રાલયમાં અચૂક એક આંટો મારતા. મેં વરસો સુધી નિયમિત વહેલી સવારે વીરાસનમાં બેસી એમને કાંતતા જોયા છે. બીમારના ખબરઅંતર પૂછી દવા-દારૂ, ખોરાક અંગે જરૂર સૂચનો કરે. અમારી સાથેના એક વિદ્યાર્થીને ટાઇફોઈડ તાવ આવે, મનુભાઈ-વિજયાબહેન ખડે પગે સારવાર કરે , તાવ લંબાયો, સૌની ચિંતાનો વિષય બન્યો. નાનાભાઈએ રાતપાળીમાં નામ નોંધાવ્યું. મારો તો વારો પૂરો થયો હતો પણ ગુરુજનોની દોડાદોડીએ ચિંતા વધારી દીધી. બિસ્ત્રામાં પડ્યાં પડ્યાં ગોદડાની તિરાડમાંથી સંચિત નજરે બધું જોઈ રહ્યો હતો. વિદ્યાર્થીની સ્થિતિ નાજુક હતી, સનેપાત ચાલુ હતો ; મીઠાનાં પોતાં માથાપર ને પેડુ પર માટી મુકાતી હતી. નાનાભાઈની સૂચના મુજબ સૌ ઊંચા શ્વાસે કામ કર્યે જતા હતા. મોડી રાત્રે દરદીએ સંડાસની ઇચ્છા બતાવી. નાનાભાઈએ સંકોચ વિના પંડ્યના દીકરાને તેડે તેમ બીજાની મદદથી ઉપાડી મળવિસર્જન કરાવ્યું. મહા મહેનતે સૂકમળ બહાર આવ્યો. બીમાર વિદ્યાર્થી હરેરી ગયો. નાનાભાઈનું મોટાપણું ત્યારે જોવા મળ્યું. દુર્ગંધથી માથું ફાટી જાય તેવી બદબૂ પાસે નાનાભાઈ પવન નાખતા હાથ પકડી બેઠા હતા. વિદ્યાર્થીઓને દૂર મોકલી દીધા હતા. કામ પૂરું થતા મનુભાઈએ પાણી આપ્યું અને નાનાભાઈએ દરદીની સફાઈ પોતાના હાથે કરી. હું તો ફાટી આંખે આ વિરલ દૃશ્યને પી રહ્યો હતો. અમારી સંસ્થામાં જ્યારે બીમારને જોઉં છું; ત્યારે આ દૃશ્ય અચૂક આંખ સામે આવે છે.

અમને ઘણાને યાદ છે કે અમારું છાત્રાલય , બિસ્ત્રા, ચંપલ અને ચીજવસ્તુઓને અનેક વાર નાનાભાઈએ ગોઠવ્યાં છે. અમે ઉદ્યોગમાંથી પાછા ફરીએ ત્યાં છાત્રાલયનું રૂપ જ ફરી ગયું હોય ! બધું જ સુઘડ, સ્વચ્છ અને વ્યવસ્થિત ! અમારા નાનકડા કબાટો પણ કેટલીક વાર સુંદર રીતે ગોઠવાઈ જતા. અમે મનોમન સમજી લેતા કે નાનાભાઈ કે મનુભાઈ-વિજયાબહેનના હાથની આ કરામત છે.

નાનાભાઈ વર્ગ લેવા આવે ત્યારે અચૂક સમયસર પહોંચે. આવીને પહેલું કાલ બારણાં બહાર વેરવિખેર પડેલાં જોડાચંપલને બરાબર વ્યવસ્થિત ગોઠવવાનું કરે ; પછી અમને સૌને સીધી લાઈનમાં ટટાર બેસારે, પુસ્તકો કે બીજી ચીજ-સામગ્રી અવ્યવસ્થિત હોય તો વ્યવસ્થિત ગોઠવી આપે. આ બધાં ક્ષુલ્લક લાગતાં કામોએ જ અમને અજ્ઞાત રીતે અંતરમુખ કર્યા છે , વ્યવસ્થિત કર્યા છે. નાનાભાઈએ

શીખવેલા સંસ્કૃત શ્લોકો તો ભાગ્યે જ થોડા યાદ હોય તો ! પણ , એમની આ નાની વાતોએ અમને જીવતરનું મોટું ભાથું બંધાવ્યું છે.

આમ નાની ગણાતી અનેકવિધ જીવનની પ્રવૃત્તિઓમાં અમારા ગુરૂ , વડીલ કે મોટાભાઈ જેવો શિક્ષકોનો અમને સહયોગ સાંપડતો હતો. મનુભાઈ, વિજયાબહેન, ગુણવંતભાઈ તો પ્રત્યેક ક્ષણે અમારી વચ્ચે ઊભા જ હોય ! માંદગીમાં બહેનનો મમતાભર્યો હાથ અમારા કપાળે ફરતો ને અમારી વાત્સલ્યભૂખ ભાંગતી. અમારી એ વખતની સારવાર અમારાં મા-બાપને પણ ભુલાવે તેવી આ બધાં વડીલો કરતાં. આજે પણ મમરા વઘારી લાવી આપતાં વિજયાબહેન ભૂલવા ધારીએ તો પણ ભૂલી શકાતાં નથી.

અભ્યાસક્રમમાં અમને ભાષા, ગણિત, ભૂમિતિ, વિજ્ઞાન, સમાજવિદ્યા, સંસ્કૃત, હિન્દી અને કૃષિ-ગોપાલન શીખવાતાં, પણ આ બધાંની ખેંચ મન કે મગજ પર કોઈને જણાઈ નથી. જાણ્યે-અજાણ્યે ઘડતર ને ચણતરની ઈંટો મુકાયે જતી હતી. છાત્રાલયના ચૉકમાં કૂતરી વિંયાતી ને અમે સૌ એની સારવારમાં ગૂંથાતા કે તરત જ મનુભાઈ “કાળુડી કૂતરીને આવ્યાં ગલુડિયાં” કાવ્ય ભણાવતા. લોકશાળામાં પ્રવેશ પામતાં આગળ “જનનીની જોડે સખી નહીં જડે રે લોલ,” કે “સુખ શાંતિનું ધામ પરમ એ પ્યારું ઘર મારું મારું” રજૂ થતાં , ચોમાસું જામે કે પહેલો વરસાદ પડે એટલે મનુભાઈના ગળાથી “ભીડેલા આભને ભેદી કો રાજબાળ તાળીઓ પાડતા છૂટી” કે “સેજ પથારી સૂની પડી રે હું તો ઝબકીને જાગી” જેવાં કાવ્યો પીરસાય. કોઈ કેદમાંથી છૂટી આવેલા રાષ્ટ્રીય સૈનિકની લડતની વાતોના કેફમાં રંગ પૂરવા મનુભાઈ “રક્ત ટપકતી સો સો ઝોળી” કે “મારા કેસરભીના કંથ હો સિધાવોજી રણવાટ ” જેવાં કાવ્યો અમારા ચિત્તને વીરતાથી ભરી દેતાં. સમગ્ર દેશ અને રાષ્ટ્રભાવના અમારી જેવા વગડે ભમનારાને ક્યાંથી સ્પર્શી હોય ! નિસર્ગના નિતાંત સૌંદર્યનો કેફ તો અમે અમારા આ સંસર્ગ પછીથી માણ્યો. ઉત્થાન સમયના મનુભાઈ-વિજયાબહેનની પરભાતી મધુરતાને વહેતી “ઊગે છે પ્રભાત આજ ધીમે ધીમે” કે “નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો” જેવી કવિ ન્હાનાલાલ કે નરસિંહ મહેતાની રચનાઓ દ્વારા અમને અવાવરુ આંગણાની ધૂળમાંથી ઉપાડી અખિલાઈની ઓળખાણ કરાવવા સુધીની મજલનું આહ્ વાન આપતાં હતાં.

આજે પણ અમે ગગનમાં ઘૂમી રહેલાનો પાર પામી શક્યા નથી , પણ અગોચરના ઊંડાણને પામવાની ઝંખના સળવળ્યા કરે છે. કેળવણીએ બીજું કરવાનું પણ શું છે ? અંદરની સુષુપ્ત શક્તિઓનું સંમાર્જન, સંકલન કરી યોગ્ય દિશામાં તેમને વાળવાની છે. આ યોગ્ય અંગેનો સારાસાર વિવેક એનું નામ કેળવણી.

## વિદ્યાપીઠના અભ્યાસ બાદ ઋણમુક્તિ માટે ધજાળામાં

આવી કેળવણીમાં ચાર વર્ષ ગાળી, મારા નાનાભાઇને એમાં પ્રવેશ અપાવી હું આગળ અભ્યાસ કરવા વિદ્યાપીઠમાં ગયો. વિદ્યાપીઠના અભ્યાસક્રમે મને થોડી વૈચારિક સમૃદ્ધિ આપી. અમારી ખેડુની ભાષામાં કહું તો "ચણીબોર પર આંખ કલમ ચડી ચૂકી હતી." હવે તો ફક્ત એના વિકાસનું કામ જ કરવાનું હતું. લોકશાળાએ નવી આંખ આપી અમારી દૃષ્ટિ બદલી. નવું દર્શન લાધ્યું. વિદ્યાપીઠે એને વૈચારિક પુષ્ટિ આપી.

વિદ્યાપીઠના દિવસોમાં પણ હું ઠીક ઠીક તવાઈ ટિપાઈ ઘડાયો હતો. આર્થિક ભીંસને પહોંચી વળવા એક ટંક જમવાનું રાખ્યું. ભૂખ્યા પેટને પાણીથી ભરી સંતોષ મેળવ્યો , પણ ભૂખનું દુઃખ ન સહન થતાં સ્વયંપાકી બની અભ્યાસને પહોંચી વળવા પ્રયત્ન કર્યો. આ અભ્યાસકાળ દરમિયાન ચિત્તમાં એક મહા ઘમસાણ ચાલતું હતું. હવે પછી શું ? નાનકડી નારણપુરાની ત્રણ ફૂટ પહોળી ઓરડીમાં પડ્યો પડ્યો હું વિચાર કરતો કે , "કોઈ સારી નોકરી શોધી આરામની જિંદગી પસાર કરું." એ વખતે સમાજસેવાના સ્નાતકને હોંશે હોંશે કામ મળી રહેતું. મારી સાથેના કેટલાય આજે આવી આરામની નોકરી મેળવી પદપ્રતિષ્ઠા પામી આનંદથી રહે છે.

પણ, રાત્રિપ્રવૃત્તિમાં સાંભળેલી મનુભાઈના ધોલેરા સત્યાગ્રહની વાતો , નાનાભાઈની દક્ષિણામૂર્તિને ગ્રામદક્ષિણામૂર્તિ બનાવ્યાની વાતો અને લોકશાળામાં ચાલતી લોકોપાસનાએ મને ગામડાના ઉત્થાનના કામમાં પડવાનો ધક્કો માર્યો. એ સાથે જ વિચાર આવ્યો કે ક્યાં જાઉં ? ચિત્તમાં સળવળાટ થયો કે, "બીજે ક્યાંય જવાની જરૂર નથી. તારા પૂર્વજોએ કરેલાં પાપ ધોવા ધજાળામાં જ તારા સેવાયજ્ઞની ધજા રોપ."

વરસો થયાં એ વાતને. મારા પૂર્વજોએ ધજાળા ગામ ભાંગી , લૂંટ કરેલી. ભગીરથે પોતાના વડીલોનાં પાપ ધોવા તપશ્ચર્યા કરી ગંગાને વાળી પૂર્વજોને મોક્ષ અપાવ્યો હતો. મારાથી ભાગીરથીને તો નહીં ઉતારી શકાય; પણ જેમને માર્યા , લૂંટ્યા કે દૂભવ્યા તેના દિલને થોડો દિલાસો દેવાય અને ધોળે દિવસે ચાલતી આજની લૂંટમાંથી બચાવી તેના આડા ઘા ઝીલું તોય પૂરતું છે તેમ લાગ્યા કરતું.

એક દિવસ નાનકડા ગાડામાં ટાંચી ઘરવખરી અને એક કાળા પાટિયા સાથે હું ધજાળા આવી પહોંચ્યો. એ સમય હતો ૧૯૫૨ના ડિસેમ્બરના પહેલા અઠવાડિયાનો.

સર્વનિવાસી ગામનો ચોરો મારું નિવાસસ્થાન બન્યું. ગામનાં ખહૂરિયાં કૂતરાં બખોલો ગાળી તેનો કબજો જમાવી બેઠાં હતાં, તેઓએ મારું સ્વાગત કર્યું. ચોરાનાં ભીંતડાં ગારગોરમટી વિનાનાં પડવા વાંકે

જ ઊભાં હોય તેમ ઊભાં હતાં , કાટમાળ સડી ગયો હતો , વાંસની જગ્યાએ એરંડા ને ખપાટની જગ્યાએ કપાસની કરાંઠી નાખી નળિયાં ઢાંક્યાં હતાં, નેવાં લબડીને નીચે આવ્યાં હતાં. ચોરાના ચોકમાં મોટો ખાડો હતો અને તેમાં ગામ આખાનો કચરો , દિવાળીની અળશનાં ઠીબકાં , જૂના જોડા અને એંઠાંનાં હાંડલાં પડ્યાં હતાં, કોરે-મોરે આકડા ને આવળ ઊભાં હતાં.

મેં મારો સામાન એક ખૂણો સાફ કરી ત્યાં ઉતાર્યો. ગામડું મને જોવા એકઠું થયું. કોઈક કહે “આ સારું થયું; હવે કૂતર્યાં ચોરો ખોદતાં બંધ થાશે, રાત-દી દેકારો કરી મૂકતાં હતાં.”

હું તો મારા ધ્યાનમાં મારો સામાન ગોઠવી રહ્યો હતો અને લોકોના પ્રતિભાવોને હૃદયમાં ઝીલતો હતો, ત્યાં સામી પછીતે બેઠેલામાંથી કોઈક કહે : “પણ ગામમાં આ નવી ઘો ઘરી એનું શું ?”

પડખેનાએ મમરો મૂકતાં કહ્યું : “આ મોઢાની મોળ્ય ઉતારનારાનું આહળ્યું એનું શું ?” મારી નજર ચોરામાં ઊભા કરેલા મંગળા તરફ ગઈ. પ્રભુભજન માટેના સ્થાને જ અબોલ પશુની પરમાટીના જમણની જ્યાફત જામતી હોવાનાં એંધાણ સમા ચૂલા જોવા મળ્યા. મનોમન મારે કેટલા લોકોનાં હૃદયને ઢંઢોળવાનાં છે તેની નોંધ થતી જતી હતી.

મોટેરાઓ સાથે થોડી વાતો કરી મેં તેવ-તેવડા છોકરાઓ સાથે દોસ્તી બાંધી અને તેમની મદદથી રહેવા સૂવાની સગવડ કરી નિરાંતે સૂતો. રાતભર ઉંદરોની ધમાચકરડી અને કૂતરાના ગૃહપ્રવેશને અટકાવવાની દોડાદોડી ચાલી. કેટલાક ડાઘિયા તો દિવસો સુધી ડાઉં ડાઉં કરતા , ઘૂરકતા ચોરા આસપાસ ફરતા રહ્યા. વહેલી સવારે માંડ આંખ મળી. સાંજે થોડી દોસ્તી જામી હતી તેવાં બે-ચાર બાળકોએ આવી મળી ચૂક્યાં હતાં. ત્યારે સૂરજનાં કિરણો ચોરાને અજવાળી ચૂક્યાં હતાં. અંતરથી પ્રકાશના દેવને પગે લાગી મેં મારા કામની શરૂઆત કરી.

મારા કામની શરૂઆત સફાઈથી થઈ. મેં નક્કી કર્યું કે જો એક વાર હું આ ચોરાની સિકલ બદલી શક્યો તો પછી ગામની સિકલ બદલતાં વાર નહીં લાગે. મેં ફરી ફરી એ ગાર વિનાનાં ભીંતડાંને ઝાપટી-ઝૂડી સાફ કર્યાં, ભોંયતળિયાને ગાર-ગોરમટીથી સમતળ કર્યું, ચોકમાંનાં ઝાંખરાંને કાપી-કૂપી સાફ કર્યાં. થોડા દિવસોમાં થોડા જુવાન મિત્રોની મદદ મળતાં ગામની અળશને ભોંમાં ભંડારી ઊંડા ખાડાને સુંદર મઝાના રળિયામણા મેદાનમાં ફેરવી નાખ્યો. રોજ સવારમાં ઓછું પાણી છાંટી સાવરણો ફરવા લાગ્યો. અને સૂનકાર પડ્યા રહેતા એ ચોરાના ચોકમાં એક નવીનતાનો ધબકાર સંભળાવા લાગ્યો. એ ધબકારને ઝીલતા કેટલાક જુવાનિયા રાત્રે કાળા પાટિયાના અજાણ અક્ષરોને ઓળખી એક નવો રોમાંચ અનુભવી આગળ વધવા લાગ્યા. દિવસે નાનાં ટાબરિયાંને ભણાવવાનું, શેરી સફાઈ કે રસ્તાનું સમારકામ ચાલતું. ધીરે ધીરે આ બધાં સાથેના અતૂટ મૈત્રીસંબંધોની હરિયાળી સૃષ્ટિ રચાતી જતી હતી.

## ધજાળાના ચોરાથી શરૂ થયેલી સંસ્કારયાત્રાનો નકશો

આ હરિયાળીને વેરાનમાં પલટાવવાના પ્રયત્નો પણ થતા હતા. આ બધું અહીં રજૂ કરું છું તેવી રીતે સમુંસૂતરું કંઈ પાર નહોતું પડ્યું, મારા આવ્યા પહેલાં એ અવાવરું ચોરામાં બેસનારા એવા કેટલાક ડાઘિયાની પાઘડીના આંટા જેટલી જ આંટીઓ મારા કામમાં એ બધા નાખતા રહેતા હતા. વરસો સુધી નહીં, આજની ઘડી સુધી આવા આ ડાઘિયાના હાઉકારા અમને ડરાવવા હંમેશાં અમારા કામની પછીતે પડઘાતા રહ્યા છે. પણ અમે તો ઊંટ ગાંગરતાં જ પલાણની પદ્ધતિએ અમારી મજલ કાપતા રહ્યા છીએ. ધજાળાના ચોરામાં રોપાયેલી એ સંસ્કારબીજની ધજા આજે તો ઉન્નત મસ્તકે ફરકતી રહી છે. ચોરાના એ સંસ્કારકેન્દ્રે જ તે દિવસે ગ્રામશાળા અને છેવટે લોકશાળા સુધીની મજલ કાપી અને વેરાન ડુંગરાળ મુલકમાં શિક્ષણ અને સંસ્કારની લીલી વાડીમાં એનું વિસ્તરણ થતું રહ્યું છે.

આજે જ્યારે કોઈ નિરભ્ર અને નીરવ રાત્રીમાં ચાંદરડાના આછા ઉજાસમાં એ લીલી વાડીના ચોકની કૂણી રેતીમાં સૂતાં સૂતાં ભૂતકાળના એ દિવસોની સ્મૃતિઓને ઢંઢોળી બેસું છું ત્યારે એ દિવસોનાં મધુર સંભારણાં ટોળે વળી ગલગલિયાં ઉપજાવે છે. જર્જરિત ચોરામાં શરૂ કરેલી એ સંસ્કારયાત્રા ક્યાં સુધી આવી ઊભી છે ! ૭૦ રૂપિયાનો માતબાર પગાર કેટલી ખુમારી ને ખુશી આપતો ! હાથનો ઘડેલો પંભા જેવો જુવારનો રોટલો ને માગ્યા ઘરની મોઘર જેવી છાશ , ચટણીનો સથવારો ને ડુંગળીના દડા સાથેનું શિરામણ નવા કામની તાજગી બક્ષી જતાં. આજે જ્યારે છાત્રાલયોમાં ભોજનના પ્રશ્ને ઊઠતાં આંદોલનો સાંભળું છું ત્યારે મારી નજરે તરે છે આંબલાનું એ ભોજનાલય. આજે પણ મને યાદ છે કે , અમને બહુ વિવિધ વાનગીવાળું ભોજન ત્યાં નહોતું અપાતું. પણ જે રીતે અમારી થાળીમાં પીરસાતું અને એ વખતનો જે હેતાળવો વ્યવહાર અમારી વચ્ચે રચાતો તેના કારણે એના એ કાશીરામ દાદાના કઢી-ખીચડી ને રોટલા આજે પણ હમણાં જ જમ્યા હોઈએ તેવો અમૃતનો ઓડકાર આપી જાય છે. અરે ! આંબલાની કઢી તો દશે દિશામાં ડંકો વગાડી ગઈ હતી ! મને એ ધજાળાનો હાથે ટીપેલો રોટલો ને છાશ–ચટણીએ જે તમન્ના ને તાજગી આપ્યાં છે તેવાં આજે ધારાસભ્યોના દબદબાપૂર્ણ અને ભભકાદાર ભોજનમાંથી નથી મળતાં. એ વખતે ધજાળાની વસ્તી માંડ ૨૫૦થી ૩૦૦ માણસની. સમગ્ર સાયલા તાલુકામાં ત્યારે ફક્ત સાત ગામમાં જ શાળા હતી. આવા સંસ્કાર-શિક્ષણથી સાવ જ વંચિત એવા આ ગામમાં જેવી મેં શિક્ષણની શરૂઆત કરી કે ગામના ઠીક ઠીક ગણાતા આગેવાન અને અનુભવી લોકોએ કહ્યું : “કમશી માસ્તર, આ કોળીને ભણતર નો ઊગે ? કોળીને ભણ્યે સારાવાટ નહીં, કાં તો જાહાચિઠ્ઠિયું લખે ને કાં મેલો લખે. કાંઈક બીજી વાત કરો !” પણ આપણા રામે તેવ-તેવડાં છોકરાંવને ભેગાં કરી ભણાવવાનું અને ગણાવવાનું બંને રાખ્યું. ગામના કેટલાકને આ બધું ખૂચતું હતું પણ મોટા ભાગને ગામમાં કંઈક ઉજાસ જણાતો હતો. “માસ્તર માયાળુ છે, સાચો છે, પરગજુ ને પ્રામાણિક છે.” એમ સમજી માસ્તરની આમન્યા જાળવી મારી વાતોને ઝીલવા લાગ્યા.

## સરપંચ પદે કેળવણી અને બીજાં કાર્યો આરંભ્યાં

એકાદ વરસ આશા-નિરાશામાં વીત્યું. ધીરે ધીરે લોકોએ મારામાં વિશ્વાસ મૂક્યો અને મને સરપંચ તરીકે સર્વાનુમતિએ પસંદ કર્યો. આપણે તો સૌ સરખામાં માનનારા એટલે એ અરસામાં અસ્પૃશ્યતા નિવારણની એક પદયાત્રા ફરતી ફરતી ધજાળા આવી. ગામના અનુભવી આગેવાનોએ કહ્યું કે, "બીજે બધે થાય છે તેમ એના જમવાની વ્યવસ્થા હરિજનવાસમાં જ કરીએ." આપણે તો રહ્યા થનગનતા વછેરા જેવા. ઉતાવળે આંબા પાકતા હોય તો પકવી લેવા એ દૃષ્ટિએ સમાજપરિવર્તનના આ મહત્ત્વના કાર્યક્રમની ચરિતાર્થતા સાબિત કરવા (અને ક્રાંતિની પ્રક્રિયા તો હંમેશાં જલદ જ રહેવાની) મેં ગામની અને કુટુંબની સામે લડી મારા ઘેર એ બધાને જમાડ્યા.

લોકોએ ખૂબ વિરોધ કર્યો. લોકમાનસ ગ્રસી ગયેલાં પેઢીઓની પરંપરાનાં પડને ચપટી વગાડતાં સાફ કરવાના ઉમંગમાં મેં સરપંચપદ ગુમાવ્યું. મારા પડછાયા જેમ સાથે ફરવાવાળા નજીકના સાથી મિત્રો પણ વિરોધીઓ બની ગયા. મને વિચાર કરતાં લાગ્યું કે આ કલંકને ધોવા તો હૈયાનાં હેત અને સમતાપૂર્ણ વાણી જ જોઈએ. મારે લોકોની સમજ વિકસે નહીં ત્યાં સુધી રાહ જોવી પડશે તેમ માની સરપંચપદેથી રાજીનામું આપ્યું; છતાં ગામાયત કામો તો એવા જ આનંદ-ઉલ્લાસથી થતાં રહ્યાં. વરસ દિવસમાં લોકસાગરમાં ઊમટેલાં તોફાનો શમી જતાં તેમનામાંનો એક ગણી ફરી લોકોએ મને મોટો બનાવ્યો. સંસ્કારકેન્દ્રે પણ હવે ગ્રામશાળામાં રૂપાંતર કર્યું અને જતે દિવસે એ શાળાનું પરિવર્તન થયું.

ધજાળાના આંગણે એ એક અપૂર્વ અવસર હતો. અમારા મનમંદિરમાં અમારા સ્વપ્નનો દીવો પ્રગટતો હતો. આંબલાનાં આંબાવાડિયાંની સઘન છાયામાં બેસી જે સ્વપ્નાં સેવ્યાં હતાં તે એ દિવસે સાકાર બની સંસ્કારની એક જ્યોતરૂપે પ્રગટતાં હતાં. ૧૯૫૭-૫૮ના જૂનનો એક રળિયામણો દિવસ આની શુભ શરૂઆત માટે નક્કી થયો. કોઈ નિમંત્રણ પત્રિકા કે ઉદ્‌ઘાટન સમારંભના કોઈ જ ઔપચારિક વિધિ વિના અમારા એ સર્વનિવાસી ચોરામાં એક નાનકડું કાવ્ય ભણાવી તેની શરૂઆત કરી. અમને સ્વપ્નેય ખ્યાલ નહોતો કે તેમાંથી આ પ્રદેશમાં આવી હરિયાળી ફેલાશે !

પણ, કરતલ દૂજો હોય ! આ દૂજાની અને અમારી સંસ્કારજનેતા સમી ગ્રામદક્ષિણામૂર્તિ સંસ્થાએ જે હૂંફ ને હિંમત આપ્યાં તેના જોરે આ યાત્રા ચાલી. એ મારી આંધળી કહો તો આંધળી અને અપૂર્વ કહો તો અપૂર્વ એવી સંસ્થાભક્તિનો એક પ્રસંગ અહીં રજૂ કરવાનું રોકી શકતો નથી.

લોકશાળા નામ લીધાથી નથી સ્થપાતી કે નથી ચાલતી, એ માટે તો જોઈએ છે લગન અને તેય જાગૃતિપૂર્વકની, સાતત્યપૂર્ણ પુરુષાર્થની લગન. આવી લગન સાથે હું સાયલા-ચોટીલા અને બોટાદનાં એ

ઉજ્જડ વેરાન બની ગયેલાં ગામડાંઓમાં ફર્યો. ગામેગામ જઈ વિદ્યાર્થીઓની શોધ કરી. છેવટે ૧૦થી ૧૨ વિદ્યાર્થીઓ મને મળ્યા. એમનામાં ખડતલપણું હતું, ઝંઝાવાત સામે ઝઝૂમવાની તાકાત હતી, જેવું મળે તેવાથી ચલાવીને આગળ વધવાનો ઉમંગ હતો. અને કંઈક પ્રાપ્ત કરવાનો પ્રબળ પુરુષાર્થ હતો. અમારે આટલું જ જોઈતું હતું. ચોરાની લોકશાળાએ જતે દિવસે સ્થળાંતર કરી પોતાનાં નાનાં છતાં બેઠા ઘાટનાં સુઘડ ને સુંદર મઝાનાં મકાનોમાં વસવાટ કર્યો. એ મકાનોના પાયા પણ અમે સૌએ સાથે મળી ખોદ્યા , ગામલોકોએ અમને ખભેખભા મિલાવી સાથ આપ્યો. એ વખતે મારા મનમાં વિચાર આવ્યો કે આપણે તો રહ્યા કોળીભાઈ ! શિક્ષણ તો આપણો ઉછીનો લીધેલો ધંધો , હાડમાં વણાઈ ગયેલી વસ્તુ નહીં, આપણે લોકશાળાનો હજીરો ચણીએ છીએ પણ એના પાયામાં કોઈક પ્રાણવાન વસ્તુ પુરાવી જોઈએ કે જે જતે દિવસે હોંકારો આપે. આપણો પરસેવો ને કોઈક પુણ્યશાળીની પવિત્ર પદરેણુ જો આ સાથે રોપાય તો જરૂર એમાંથી અમૃતફળ ઊતરે.

આ વિચાર સાથે હું ને સવશીભાઈ માગશર વદ ૧૨ના ઉત્સવમાં ગયા અને કોઈને જાણ કર્યા સિવાય અમે જ્યાં ભણ્યા હતા, આળોટ્યા હતા એ જગ્યાએ ગયા. આજે તો ત્યાં ગૌશાળા બંધાઈ ગઈ છે, પણ એ જગ્યાએ જઈ નાહીધોઈ અગરબત્તી પેટાવી એ ઉર્વરા ધરતીને ફૂલ અર્પ્યાં, અને ત્યાંથી બે ખોબા માટીને અમારા સ્વચ્છ રૂમાલમાં બાંધી લીધી. એ ચપટી ધૂળ અમારે મન પ્રસાદ હતો , શિક્ષણ અને સંસ્કારનું મેળવણ હતું. એને જતનથી જાળવી , ધજાળા આવી અમારી એ ઊભી થતી લોકશાળાના પાયામાં એક શુભ મુહૂર્તે એને શ્રદ્ધા સાથે પધરાવી અમે ધન્યતા અનુભવી. એ પવિત્ર પદરેણુએ પાયામાં પુરાઈ આજ સુધી અમને પ્રેરણા અને પ્રકાશ આપ્યાં છે, અમને પ્રાણવંતા રાખ્યા છે; રસ્તો ધૂંધળો બન્યો ત્યાં આંગળી ચીંધી મારગ બતાવ્યો છે ; નિરાશ કે નાહિંમત થયા છીએ ત્યારે હૈયાધારણ આપી આગળ વધવાની આશા જન્માવી છે.

આજે નાનકડી લોકશાળા આસપાસ અનેકવિધ પ્રવૃત્તિઓનો ગુંજારવ થઈ રહ્યો છે. પીડિત અને પછાત, દલિત અને દૂબળાં લોકોનાં વન-વગડે ભટકતાં એવાં ૭૦૦ જેટલાં બાળકો ધજાળા , ભીમોરા ને નાવમાં સંસ્કાર મેળવી રહ્યાં છે. હજારેક જેટલાં અહીં આવી અમારી આ પરબનાં પાણી પી ગયાં છે. લોકશાળામાંથી આજ સુધીમાં ૮૦૦ જેટલા વિદ્યાર્થીઓએ શિક્ષણ મેળવ્યું છે. આજે તો બારમા ધોરણ સુધીની સગવડ આ ઊંડાણના ગામડામાં અમે ફરી શક્યા એ અમારું સદ્દભાગ્ય છે. અમને વારસામાં મળેલી અને અમે તેની ઉપાસના ચાલુ રાખેલી તે લોકોપાસનામાં અમારી શ્રદ્ધા ટકી રહે અને ઉત્તરોત્તર એ લોકદેવતાના સાક્ષાત્કાર તરફ અમારું પ્રયાણ ચાલુ રહે અને દિશા ચુકાય નહીં તેટલી જ પ્રાર્થના અમે કરીએ છીએ.

આજની વિષમ પરિસ્થિતિમાં ભલભલા આ મોહમયી લપસણી ને લોભામણી દુનિયા તરફ ખેંચાઈ જઈ પંડ્યની પળોજણમાં સલવાઈ જઈ અંદરના સત્ત્વને ખોઈ બેસે છે , ત્યારે અમે કહીએ છીએ કે, "હે લોકેશ ! અમને અમારા રસ્તે આગળ ને આગળ દોરજે, અમારા ચિત્તને હંમેશાં લોકો સાથે જોડેલું રાખજે. અમે લોકોને ચાહતા રહીએ, લોકહિતનું વિચારતા રહીએ અને લોકો અમારા કામને હૃદયથી ટેકો આપતા રહે તેવો વ્યવહાર ગોઠવજે."

અમારી આ લોકોપાસનાએ અમારા આજ સુધીના કામમાં હરિયાળો ટહુકો પૂર્યો છે , અમારું લોકશાળાનું પરિણામ ૮૨ ટકાથી ક્યારેય નીચે નથી ઊતર્યું. ૧૯૮૨નાં પરિણામો તો જિલ્લાભરમાં ગૌરવવંતું સ્થાન આવે તેવાં-૧૦૦ ટકા રહ્યાં છે. સમાજસેવાની અનેક પ્રવૃત્તિઓ કરતાં કરતાં અને શ્રમના સાતત્યપૂર્ણ વ્યવહાર સાથે આ બધું અમે પ્રાપ્ત કરી શક્યા છીએ. આજે ધજાળા , ભીમોરાની અમારી બે લોકશાળાઓ આ પ્રદેશના સામાન્ય સ્થિતિના લોકોનાં સંતાનોને શિક્ષણ પૂરું પાડવાનો નમ્ર પ્રયાસ કરે છે. લોકશાળા એ લોકાનુસંધાન સાધતી અને તેના અટપટા પ્રશ્નોને પોતીકા માની પોતાની આગવી પદ્ધતિથી ઉકેલવા પ્રયત્ન કરતી લોકકેળવણીની સંસ્થા છે. લોકકેળવણી દ્વારા જ એ સમાજ પરિવર્તનનો કંડાર ઇચ્છે છે.

અમે પણ લોકશાળાને સાકાર બનાવી અટકી ન ઊભા. અમને લાગ્યું કે આ સાથે લોકકેળવણી માટે આપણી આજુબાજુના પ્રશ્નોમાં રસ લઈને અમારે સમાજપરિવર્તનનું ઘડતર અને સહયોગી જીવનનું ચણતર કરવાનું હતું, તેથી અમે પંચાયતની પ્રવૃત્તિઓમાં વિશેષ રસ લીધો. લોકોની સમજ કેળવાય ત્યાં સુધી મેં છોડેલુ સરપંચપદ ફરી મને લોકોએ જ હોંશે હોંશે સોંપ્યું. સરપંચ બન્યા પછી મેં સૌથી પહેલાં શાળાની ચિંતા કરી. લોકોનો સહકાર અને સરકારી મદદ મેળવી શાળાનું પાકું મકાન બંધાવ્યું. ગામને ટીંબે પહેલવહેલું આ પાકું મકાન હતું.

- **પાણીના પ્રશ્નોના ઉકેલ**

ગામની પીવાના પાણીની મુશ્કેલી દૂર કરવા કેટલાક લોકોના વિરોધ વચ્ચે નીંભણી નદીના બુરાયેલા કૂંટિયાને ઉખેળી ઊંડો ઉતરાવ્યો. અમારા સાચી દિશાના પુરુષાર્થમાં પ્રભુપ્રેમનો ફુવારો ફૂટે તેમ અખૂટ પાણી એ કૂવામાં થયું. ત્રણ દિવસ એ કૂવામાં ગામલોકો સાથે ઊતરી કૂવો ગાળ્યો. અખૂટ પાણી મળતાં વિરોધીઓની વાણીએ અમને ધન્યવાદ આપ્યા. સતકાર્યમાં પડેલો પરસેવો કદી નકામો જતો નથી.

અમે એ કૂવાને કાંઠે સુંદર સ્નાનઘાટ બાંધ્યો , નાહવાધોવાના બાથરૂમ બનાવ્યા અને પાણી પુરવઠા યોજના રૂપિયા ૧૫ હજાર ખરચી લોકોને જરા પણ વેરાવંચા વિના નળ દ્વારા અનુકૂળ સ્થાને પાણી પહોંચાડી બહેનોના આશીર્વાદ મેળવ્યા.

સ્નાનઘાટમાં વહી જતાં નકામાં પાણીને નીકોમાં વહાવી સુંદર બગીચો ઊભો કર્યો. નીંભણી નદીનો એ ઉજ્જડ કાંઠો ઝાડપાનથી ઊભરાવા લાગ્યો. સ્મશાનની કોરી કઠોરતાએ અને ભૂત-પ્રેતની ખોટી ભયંકરતાએ વૃક્ષોની વસાહત ઊભી થતાં મૂઠીઓ વાળી પોબારાં કર્યાં. ધીરે ધીરે ગ્રામ જંગલની અભિનવ પ્રવૃત્તિ નદીને કાંઠે વિસ્તરતી ચાલી. અનેક નવાં વૃક્ષો અમારા એ ઉજ્જડ ટીંબે આવી વસ્યાં. જ્યાં આવળ-બાવળ ને આંકડા-ખીજડા કે ખાખરા થતાં ત્યાં ગુલમહોર , સોનમહોર, શિરીષ, પલાશ, કણજી, કેવડા અને કરમદાં જેવાં નવાં નવાં પલ્લવદ્રુમની હરિયાળી છવાઈ ગઈ. લોકજીવનને પણ આ નવો પરિવેશ સ્પર્શી ગયો, નદી-નાવે અને વાડી-કૂવે નવાં વૃક્ષોનાં વાવેતર વધ્યાં. લોકોની અવર-જવરે એ વાતને અનેક ગામોમાં ફેલાવી લીલોતરીનું વિસ્તરણ કર્યું.

- **સામાજિક પ્રશ્નો માટે સહકારી પ્રવૃત્તિ**

પંચાયતના કામની સુવાસે પાંચ ગામની સહકારી મંડળીને જન્મ આપ્યો. સહકારી મંડળીએ ખેડૂતોને ખાતર-બિયારણ અને ખેતીનાં અનેક કામોમાં મદદરૂપ બની તેમના ધંધાને ધીકતો કરવામાં મહત્ત્વની કામગીરી કરી. ગામમાં સહકારી મંડળી , પંચાયત ઑફિસ અને ગોડાઉનનાં નવાં મકાનો બંધાવી ગામની શોભા વધારી. ગામનો ચોરો તો સઘળી પ્રવૃત્તિઓનું જન્મસ્થાન હતો. લોકોના સહયોગથી તેનું પણ નવસર્જન થયું.

ધીરે ધીરે ધજાળાની વિવિધ પ્રવૃત્તિઓએ ગામનાં સીમ-સીમાડા વળોટી આજુબાજુનાં ગામો સાથે તાંતણો સાંધ્યો અને અમારા કામનું વર્તુળ વિકસ્યું . એ વર્તુળમાં સાયલા-ચોટીલાનાં અનેક ગામો અને લોકો સાથે જોડાવાનું થયું. આ લોકાનુસંધાન સાચવવાના ગાડામારગ તો ભાંગી ગયેલા હતા. અમને વિચાર કરતાં લાગ્યું કે કેળવણીનો નરવો કેડો આજ સુધી કોરો રહ્યો છે . આ મારગે હજી જૂજ માણસોનાં પગલાં પડ્યાં છે. આપણે આ કેડાને રાજમાર્ગ બનાવીએ તો કેમ ? ગામડાંઓ ખૂંદી આંકડાઓ એકઠા કર્યા, સરકારમાં તેની રજૂઆત કરી. સરકાર પણ સાનુકૂળ નીવડી અને ૧૯૫૬-૫૭માં જ્ઞાનનો પ્રકાશ અનેક ગામોને અજવાળવા લાગ્યો. નિસ્તેજ ગામોના ટીંબે અક્ષરજ્ઞાનની શરૂઆત થઈ ભલીભોળી અભણ પ્રજાનાં બાળકો એકદા-બગડા ઘૂંટવા લાગ્યાં.

આ અરસામાં મારો નાનોભાઈ સવશી આંબલા ભણી અમારા કામમાં જોડાયો. એક મટી અમે બે થયા. તેની લેખન અને રજૂઆતની વિશિષ્ટ શક્તિએ અમારા કામમાં સરળતા ને સચોટતા આવી. તેની કળાસૂઝે અમારા કામમાં ઘટતું લલિતલાવણ્ય ઉમેરાયું.

સથવારો સાંપડતાં, અટકીને ઊભેલા પગે પંચાળના એ ખાવા ધાતા પહાડો વચ્ચે પદયાત્રા શરૂ કરી. પગદંડી પરના કાંટા-કાંકરા અને પથ્થર-પાળા હળવે હાથે એક બાજુ કરી કે જરૂર જણાયે આડે પગે એક બાજુ ખસેડી એ રજોટાયેલા ગ્રામજીવનને બેઠું કરવાના પ્રયત્નો આદર્યા. ઓછો વરસાદ ને આછી-પાતળી જમીન પર ગદરી ખાતા એ જીવતા લોકોમાં કોઈ નૂર નહોતું. હારણ થઈ ગયેલાની હતાશા જ ચોમેર હડીઓ કાઢતી જોવા મળતી. દૂબળાં ઢોર-ઢાંખર ને નબળાં છોરું-વાછરું સાથે ટાંચી ઘરવખરી વચ્ચે જીવન વિતાવતા એ લોકોને જોઈ મનમાં થતું કે સ્વરાજગંગાનાં નીર ક્યારે આ તરસ્યા લોકોના ખાલી ખોરડે પ્રાણ પૂરશે ? કોણ આનું બાવડું પકડી બેઠા કરશે ? ઊંડાણનાં આ અંધારાં કોણ ઉલેચશે ?

ગામડાંમાં ફરતાં જોયું કે , કાઠી ગલઢેરા કે ગામેતી ગરાસદારની ડરાવતી મૂછો ને અકોણી આંખોનાં ઊંડાણ તાગવાં દોહ્યલાં હતાં. ગામનાં ગામ આ લોકોના સકંજામાં સપડાયેલાં હતાં. ગોલાપા કરતા ગણોતિયાની સ્થિતિ સાંભળી ન જાય તેવી હતી. સીમ-શેઢે જ નહીં , ગામ-ગોંદરે પણ બહેન-દીકરીની આબરૂ સલામત નહોતી. રળિયાત રૂપ એ પાપ જ નહીં , શાપ સમાન હતું. સારું લૂગડું , સારું રાચરચીલું કે સારું શાક-બકાલું આવા માથાભારેની મોઢાની મોળ્ય ઉતારવા ધરવાં પડતાં , વેઠ-વેરા ક્યારે આંગણે આવી પડતાં તેની કોઈને ખબર પણ નહોતી પડતી. આવાં ગામડાગામમાં ગણોતિયા જ ઝાઝા હતા. ઘરની જમીન ખેડી ખાનારા તો જૂજ. આ બધાના અકોણા પ્રશ્નોમાં જાણ્યે-અજાણ્યે ખેંચાયા. લોકો સાથેના સંબંધોને લીધે ડરામણીના , દબામણીના, મારામારીના, ચોરીના, લબાડીના, મોરાપાના, જાસાચિઠ્ઠીના - આમ ભાતભાતના સવાલોએ અમારી જેવા નવા નિશાળિયાને ઘડીભર તો થથરાવી મૂક્યા. જેઓ સાથે અમારે આની પતાવટ કરવાની હતી તેઓ મેલી રાજરમત રમનારા , મેલી મથરાવટીના માણસો હતા.

દિવસો સુધી ગડમથલ ચાલી, અમારી આજુબાજુ સામાન્ય લોકોનો મહાસાગર હતો પણ એ બધું ઝાંઝવાનું જળ હતું. ખરે વખતે એક ટીપુંએ કંઠના શોષને પોષે તેમ નહોતું. કેટલાક પ્રશ્નોમાં ધીરજ અને સમજાવટ કે શેહશરમથી કામ લઈ સારું પરિણામ મેળવ્યું. પરિણામે લોકોના પ્રશ્નોની વણઝાર વધતી ચાલી. કેટલાકમાં કડવા અનુભવો થયા, કવેણ સાંભળવાં પડ્યાં, ડરામણી ને દબામણી પણ અન્ય દ્વારા મળી. ક્યાંક અમે પણ માથું ઊંચકી ઊભા રહ્યા. છેવટે તો અમારી નસોમાં પણ કાંટિયા વરણનું લોહી વહેતું હતું ને ! આ અરસામાં હું ભૂલતો ન હોઉં તો ભારતભરમાં સૌ પ્રથમ ગરાસદારી નાબૂદીનો શંખ ફૂંકતો કાયદો સૌરાષ્ટ્ર સરકારે પસાર કર્યો. સૌરાષ્ટ્રનાં ૨૦૨ જેટલાં રજવાડાં ને ગરાસદારો ખળભળી

ઊઠ્યાં. ઠેર ઠેર બંને પક્ષે સંમેલનો યોજાવા લાગ્યાં. સંગઠનો સધાયાં અને સૌરાષ્ટ્ર પંથકમાં હાલક-ડોલક મચી ગઈ. એ વખતના રાજકીય સૂત્રધારોની એકતા અનોખી હતી. રચનાત્મક કાર્યકરોનું જૂથ પણ અકબંધ હતું. માનનીય શ્રી ઢેબરભાઈ કોઈ પણ હિસાબે તાલુકદારી તોડવાનો નિર્ધાર કરી બેઠા હતા. ખૂન-ખરાબા થયા, ધાડ-લૂંટ ચાલી. સૌરાષ્ટ્ર સરકારે કડક હાથે કામ લઈ સાવચેતીનાં લેવાં જોઈએ તેવાં બધાં પગલાં તાત્કાલિક ને સમયસરનાં લીધાં અને સમજદાર આગેવાનોએ ધીરજથી સૌને સમજાવી એક અદ્ભુત કહી શકાય તેવું કામ કર્યું.

## જાસાચિઠ્ઠીઓ વચ્ચે ગરાસદારી નાબુદીનાં કાર્યો

સાયલા તાલુકામાં અમારી સામે આ પ્રશ્ન આવતાં અમે તો કેડ બાંધીને તેમાં કૂદી પડ્યા ; કારણ કે અમારે મન સો રોગની એક દવા આ ગરાસદારી નાબૂદી હતી. ગ્રામપ્રદેશને ગળી જતો આ મહારોગ હતો. ગામેગામ ફરી, ખેતરે ખેતરે જઈ ખેડૂતોને જગાડ્યા. હિંમત આપી ગણોતિયાનાં ફોર્મ ભરાવ્યાં.

બીજી બાજુ ગરાસદારોએ પણ જબરી ઝુંબેશ ઉપાડી , ધાક-ધમકી અને પજવણી શરૂ થયાં. જે ખેડૂતોએ હિંમત કરી ઘરખેડનાં ફોર્મ ભરેલાં તેવાંઓની ઠેકડી દરબારો ઉડાવતા : "મારા બેટા , કોળાં ફાટ્યાં છે ને ! જમીન સાટું તો અમારા વડવાઓએ લીલાં માથાં વઘેર્યાં છે ! ગામ-ગરાસ સારુ તો અમારા ગલઢેરા પાળિયા થયા છે. મારા બેટા ગોલા ! એના મનમાં શું સમજતા હશે ? ગોલાને હવે ગામધણી થાવું છે , એ જમીન લેતાં પહેલાં તો કોળીઓના ઝીંહલા થાશે ઝીંહલા ! ઝાટક્યા ઊડશે ઝાટક્યા !" કેટલીક જગ્યાએ જરૂર ઝાટક્યા ઊડ્યા. મારામારી ને ખૂન-ખરાબા થયા. ઝાલાવાડના લોકસેવક આદરણીય શ્રી શિવાનંદજીનું ઘરખેડના પ્રશ્ને ખૂન થયું. ઝાલાવાડનો મોભ તૂટ્યો. સરકાર વિશેષ સજાગ બની , અમે શિવાનંદજીની આહુતિથી વિશેષ બળ મેળવી જાગૃતિપૂર્વક ગરાસદારી નાબૂદીમાં જોતરાયા.

અમને રોજ જાસા મળવા લાગ્યા. "ધજાળું સંભાળી બેસી રો, ઠાલા મફતનો આ ધજાગરો ઉપાડો મા. કોઈ વાંહે કળશો પાણી પાવાય નહીં આવે "! અંતરમાં ઊલટ જાગી કે, "આમાં હવે મોળું ન મૂકવું, જે આવે તે સહન કરવું. ભલે પાળિયા થઈને પૂજાઈએ નહીં ; પણ સૂરધન બની સંતાનોને સાચી દિશા બતાવીએ તોય પૂરતું છે." અમે અમારું કામ વગર ગભરાયે હાંક્યે રાખ્યું. સભાઓ ભરી , સંમેલનો કર્યાં, ખેડૂતોને હામ ને હિંમત આપ્યાં. જરૂર પડ્યે પડખે ઊભા રહ્યા. ૭૫ ટકા ખેડૂતોએ કબજા હકનાં ફોર્મ ભર્યાં. છેવટે બે ગામ સિવાયનાં બધાં જ ગામનાં ખેડૂતો જમીનના સાચા માલિક બન્યા.

ઘરખેડના પ્રશ્ને અમારે ઠીક ઠીક લોકો વચ્ચે ફરવાનું થયું. અનેક પ્રશ્નોની આંટીઘૂંટીમાં પડવું પડ્યું. અમારું પણ ઘડતર થયું. કેળવણી અને સંસ્કાર-સમજના કાર્યક્રમ સાથે રાજકીય અને સામાજિક ક્ષેત્રે સહજ રીતે ઘસડાવું પડ્યું, અનેક પ્રશ્નોના છેડા રાજકારણ સાથે જોડાતા હતા. છેવટે સ્વધર્મ સમજી રાજકારણના ઊકળતા કળણમાં ઊતરવું પડ્યું.

**(વધુ માટે બીજા ભાગમાં...)**

## શ્રી કરમશીભાઈ મકવાણા

શ્રી. કરમશીભાઈ કાનજીભાઈ મકવાણાનો જન્મ તા. ૭-૧૦-૧૯૭૨ના સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના અડાળા ગામમાં બહુ સામાન્ય સ્થિતિના ખેડૂત કુટુંબમાં થયો હતો. વારંવારના દુષ્કાળોને કારણે કુટુંબને ખેતી છોડી જોરાવરનગરમાં મજૂરી કરવા આવવું પડેલું. નાની ઉંમરના કરમશીભાઈને પણ પેટિયું પૂરવા કાળી મજૂરી કરવી પડી હતી. પણ સદ્ ભાગ્યે એક રચનાત્મક કાર્યકરની હૂંફથી આંબલા ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળામાં જોડાવાનું બન્યું. ચાર વરસ લોકશાળામાં ભણી ‘વિનીત’ થઈ ગુજરાત વિદ્યાપીઠના મહાવિદ્યાલયમાં ભણ્યા. પણ ત્યાંયે ગરીબી એમનો પીછો કરતી રહી અને સ્નાતક અભ્યાસ પૂરો ન થયો.

પોતાના વડવાઓએ લૂંટેલ ગામ ધજાળા ( તા. સાયલા )ને બેઠું કરવા ત્યાં કામ શરૂ કર્યું. ગ્રામસેવક, સંસ્કાર કેન્દ્રના શિક્ષક, ગ્રામવિદ્યાલય લોકશાળાના સંચાલક, લોકલ બોર્ડ તથા જિલ્લા શાળા બોર્ડના સભ્ય, પ્રમુખ-તાલુકા પંચાયત, સાયલા, ગુજરાત વિધાનસભામાં ચોટીલા વિસ્તારના ધારાસભ્ય, ગુજરાત કૃષિસેલના કન્વીનર, બક્ષીપંચ પછાતવર્ગ સમિતિના અધ્યક્ષ, ગુજરાત વિધાનસભાની ખાતરી સમિતિ, અંદાજ સમિતિ તથા કામકાજ સલાહકાર સમિતિના સભ્ય તરીકે કામ બજાવતા રહ્યા છે. છેલ્લાં પંદર વર્ષથી ચોટીલા વિસ્તારના વિધાનસભાના સભ્ય તરીકે ચૂંટાઈ આવતા રહ્યા છે.

ખેતી, વૃક્ષ ઉછેર, સાહિત્ય વાચન, પ્રવાસ અને વ્યાપક લોકકેળવણી એ એમના શોખના વિષયો છે. ધારાસભ્ય તરીકે લોકોના પ્રશ્નો ઉકેલવા , વિધાયક રચનાત્મક રાજકારણ દ્વારા લોકકલ્યાણનાં કામો કરવાં એ એમની વિશેષ પ્રવૃત્તિ છે.

શ્રી. શાંતાબહેન સાથે એમનું લગ્ન થયું છે, તેમને ચાર બાળકો છે – બે બાબા અને બે બેબી.